કાપડીઆ રમુજી મંડળીના ધારાઓ.

૧. આ મંડળીનું નામ કાપડીઆ રમુજી મંડળી કરીને રાખ્યું છે. *મંડળીનું નામ.*

૨. આ મંડળીમાં મેમ્બરોની સંખ્યા વધારેમાં વધારે ૮૦ સુધીની રાખવામાં આવશે. *મેમ્બરોની સંખ્યા.*

૩. એ મંડળીમાં કોઇ પણ ઉમેદવાર દાખલ થવાને ઇચ્છતો હોય તો, તેવા ગ્રહસ્થે મજકુર મંડળીના મેમ્બરને સુચના કરવી, અને તેવા મેમ્બરે દાખલ થનાર ઉમેદવારનું નામ, ધંધો, ઠેકાણું વગેરે જાહેર કરીને દરખાસ્ત મૂકવી, ને તે દરખાસ્તને મંડળીના કોઇ પણ મેમ્બર તરફથી ટેકો મળવો જોઇએ. *નવા ઉમેદવાર.*

૪. કલમ ૩ જીમાં જણાવ્યા પ્રમાણેના ઉમેદવારને વાસ્તે, ક્યા મેમ્બરે દરખાસ્ત કરી, અને ક્યા મેમ્બરે ટેકો આપ્યો, તે વીષયને લગતો સરક્યુલર મજકુર મંડળીના મેમ્બરોની જાણને માટે ફેરવવામાં આવશે; અને તે સરક્યુલરમાં મત આપવા "બોલ્ટીંગ" (દડા) કયે દહાડે ને કેટલા વાગે તે તપાસવામાં આવશે, તે સઘળું જાહેર કરવામાં આવશે અને તે સ- *નવા ઉમેદવારની યોજના.*

સરક્યુલર "બોલ્ટીંગ" તપાસવાની એક અઠવાડીયાની અગાઉ કાઢવામાં આવશે. અને "બોલ્ટીંગ બૉકસ" દીન આઠ સુધી ખુલો મૂકવામાં આવશે.

નવા ઉમેદવારને વિષે મત

૫. કલમ ૪ થીમાં જણાવ્યા પ્રમાણેના "બોલ્ટીંગ" (દડા) બે જાતના મૂકવામાં આવશે. એક સફેદ તથા બીજા કાળા, તેથી જે મેમ્બરો નવા દાખલ થનાર ઉમેદવારને મેમ્બર તરીકે ચુંટી કાહાડવાને પોતાની પ્રસંનગી જણાવતા હોય તો તેવા મેમ્બરોએ સફેદ "બોલ્ટ" બોલ્ટીંગ બૉકસમાં નાખવા, અને નાપ્રસંન કરતા હોય તો તેવા મેમ્બરોએ કાળા "બોલ્ટ" બોલ્ટ બૉકસમાં નાખવા.

૬. કલમ ૫ મીમાં જણાવ્યા પ્રમાણેના બોલ્ટો, ઠેરવેલે દિવસે બહાર કાઢવામાં આવશે અને તે બોલ્ટની ગણત્રી એવી રીતે થશે કે, એક કાળો બોલ્ટ પડવાથી ત્રણ સફેદ બોલ્ટ નીકળી જશે અને એવી ગણત્રીથી જે જાતના બોલ્ટો વધારે થશે તે મત પાસ થશે, અને તેજ વખતે દરખાસ્ત કરનાર મેમ્બરને નવો આવનાર ઉમેદવાર મેમ્બર થઈ શકશે કે નહીં તે જાહેર કરવામાં આવશે.

નાપ્રસંન થએલા મેમ્બરો.

૭. કોઈ પણ નાપ્રસંન થએલા મેમ્બરને ત્રણ માસ સુધી પાછો દાખલ કરવા અથવા કરાવવાને કોઈ પણ મેમ્બરે દરખાસ્ત કરવી નહીં.

દાખલ થવાની ફી.

૮. આ મંડળીમાં દરેક મેમ્બરને દાખલ કરવાની ફી. (એન્ટ્રન્સ ફી) રૂ ૧૫ અંકે પંદર રાખવામાં આ-

વી છે. અને તે (એડવાન્સ)
વશે. અને ત્યારબાદ તે
ગણાશે.

૯. દરેક મેમ્બરનું દરમાસનું માસીક લ.
ડવાન્સ એટલે આગાઉથી રૂપીઆ ૫ અંકે પાંચ લેવામા
આવશે.

૧૦. કલમ ૮ મીમાં જણાવ્યા પ્રમાણેના દરેક મેમ્બરો આ મંડળીથી કલમ ૯ મીમાં જણાવેલા માસીક લવાજમે શંવત. ૧૯૪૧ ના આશો વદ " સુધી બંધાએલા છે. મેંબરોની મુદત.

૧૧ મજકુર મંડળીના કોઇ પણ મેમ્બર અથવા મેમ્બરોને થોડો અથવા વધારે વખત ઘેર હાજર રહેવું પડે અથવા કાંઇ ખાનગી કામ યા તો અગત્યની અડચણ આવી પડે, અથવા જો મંડળી છોડીને બાહારગામ જવું પડે, તો પણ તેવા મેમ્બર અથવા મેમ્બરોએ પોતાનો સઘળો હક તે મંડળીના ફાયદા સારૂ આપી પોતાનું માશીક લવાજમ કલમ ૧૦ મીમાં જણાવ્યા પ્રમાણેની મુદત સુધી આપવું પડશે; અને તેમાં કોઈબી રીતનો વાંધો લેવાશે નહીં. ગેરહજર રહેલા મેંબરો.

૧૨. આ મંડળીના દરેક મેમ્બરને પોતાની સાથે બહાર ગામથી આવેલા પરોણા જણ બે કે ત્રણને એકથી બે વખતજ લઈ આવવાની છૂટ છે. બહારગામના પરોણા

૧૩. આ મંડળીના મેમ્બરોને પોતાની સાથે પોતાના મીત્ર જણ એકથી બેને માત્ર એક અથવા બે મીત્રોનેપરવાનગી.

...ટ છે. તેથી આવી ગયેલા
... લાવવો નહીં.
...ત ભોજનમાં કલમ. ૧૨ તથા
...લખેલા ગ્રહસ્થોને સામેલ કરવામાં આવશે.
અને આવનારે ખાસ સભ્યતાથી વર્તવું જોઈએ.

ઑનરરી ટ્રેઝરર.

૧૫. આ મંડળીના વહીવટ તથા નાણાં સંબંધી હીશાબ રાખવાને આ મંડળીમાંથી વધુ મતે એક લાયક ગ્રહસ્થને ચુંટી કાહાડવો, અને તેવા ગ્રહસ્થને આ મંડળીના સઘળા સભાસદો **ઑનરરી ટ્રેઝરરને** નામે ઓળખશે તથા માન આપશે.

ઑનરરી સેક્રેટરી તથા મેનેજર

૧૬. કલમ ૧૫ મીમાં જણાવ્યા ઉપરાંત આ મંડળીની સાધારણ રીતે મેનેજ કરે તથા ચાકરો અને સરસામન વગેરેની દેખરેખ રાખે તેવા એક ગ્રહસ્થને વધુ મતે ચુંટી કાહાડવો. અને તેવા ગ્રહસ્થને મજકુર મંડળીના સભાસદો **ઑનરરી સેક્રેટરી** અને **મેનેજરને** નામે ઓળખશે.

કમેટીના મેમ્બરો.

૧૭ મજકુર મંડળીને લગતો વહીવટ કરવાને આ નીચે લખેલા ગ્રહસ્થોની કમીટી નેમી છે અને તે એમની દેખરેખથી થશે. અને તેમાં કોઈબી રીતનો કોઇ પણ મેમ્બરોથી વાંધો લેવાશે નહીં.

ઠા. દામોદર ઠાકરશી મુલજી.

ઠા. વલભદાસ વાલજી.

ઠા. દામોદર ગોકલદાસ.

ઠા. લીલાધર જેરામ નારાણજી.

ડા. માવજી પ્રેમજી તુલશીદાસ.
શા. મનમોહનદાસ રામજી.
ઠા. રામજી લખમીદાસ.

૧૮. આ મંડળીને લગતા પગારદાર માણસો જેવા કે રસોઇઆ, ઘાટી, માળી વગેરે માણસોએ દરેક મેમ્બરની સાથે સભ્યતાથી વર્તવું જોઇએ. અને તેથી જો કોઈ ઉલટો ચાલે તો મેમ્બરોએ કમ્પ્લેઈંટ બુકમાં ફરીયાદ નોંધવી. અને તેવી કમ્પ્લેઈંટો ઉપર **ઑનરરી સેક્રેટરી** તથા **મેનેજર** પોતાનું ધ્યાન ખેંચીને બંદોબસ્ત કરશે. પગારદાર માણસો.

૧૯. કલમ **૧૫** મી તથા **૧૬** મીમાં જણાવ્યા પ્રમાણેના ગ્રહસ્થો પોતાની મેળે મન માનતું કામ સંતોષકારક બજાવશેજ, પણ કદાચને છ મેમ્બરોથી વધારે મેમ્બરો તેઓની વર્તણુંકથી અસંતોષ થાય તો તેવા અસંતોષ થએલા મેમ્બરોએ **ઑનરરી સેક્રેટરી** તથા **મેનેજરને** તે વીશે જાણ કરવી, અને **ઑનરરી સેક્રેટરી** એક અઠવાડીઆમાં જનરલ મીટીંગ બોલાવશે. અને તેમાં વધુ મતે જે ઠરાવ પસાર થશે તે પ્રમાણે અમલમાં આણવામાં આવશે. ટ્રેઝરર અને મેનેજરની વર્તણુક.

૨૦. આ મંડળીની જનરલ મીટીંગ દર છ મહીને મળવી જોઈએ અને કામ પડે તો, તે બખતની અંદર પણ બોલાવી શકાશે. જનરલ મીટીંગ.

૨૧. કલમ. **૧૯** મીમાં જણાવેલી જનરલ મીટીંગ. મજકુર મંડળીના પંદર મેમ્બરો અથવા તે ઉપરાંત હોય તો કાયદાસરની ગણાય, અને તેવી મીટીંગ આગળ જનરલ મીટીંગની સંખ્યા.

મંડળીને લગતું કામકાજ ચાલી શકે, અને તે મીટીંગમાં જે ઠરાવ વધુ મતે પાસ થશે તે ઠરાવ બાહાલ રાખવામાં આવશે.

માણસને બક્ષીસ. ૨૨. મજકુર મંડળીના પગારદાર માણસો જેવા કે રસોઇઆ, માળી, ઘાટી વગેરેને કોઈ પણ મેમ્બરે કોઇ પણ જાતની બક્ષિસ અથવા ઈનામ આપવું નહીં, અને જો પોતાને ત્યાં કંઈબી સારૂ કારજ અથવા મોટો દહાડો હોય અને જો આપવાને મરજી થાય તો તેવી બક્ષિસ અથવા ઇનામ મજકુર મંડળીના ઑનરરી સેક્રેટરીને આપવું, જે એવી મળેલી બક્ષિસો એકઠી કરીને માણસોમાં વેંચી આપવામાં આવશે.

ભાંગટુટ. ૨૩. આ મંડળીને લગતો સરસામન તથા કાચની જણસો અથવા કાંઈબી ફરનીચર વગેરે જો કોઇ મેમ્બર અથવા મેમ્બરની સાથે આવનાર છોકરાંઓ અથવા મીત્રોને હાથે નુકસાન થાય તો તેવા મેમ્બરે તરતજ ઑનરરી સેક્રેટરીને જણાવી, જેવી સ્થીતીમાં હોય તેવી સ્થીતીમાં લાવીને મૂકવું જોઈએ.

મંડળીનું મકાન. ૨૪. આ મંડળીનું મકાન મેમ્બરોને વાસ્તેજ રાત તથા દહાડો હરકોઈ વખતે ખુલ્લું રહેશે અને દરેક મેમ્બરને હરકોઈ વખતે વાપરવાની છૂટછે.

ખાનગી વપરાશવાસ્તે મકાન. ૨૫. કોઇ પણ મેમ્બરને કાંઇ શુભકારણસર આ મંડળીનું મકાન પોતાના ખાનગી વપરાશને વાસ્તે જોઇતું હોય તો એક અઠવાડીઆમાં ઑનરરી સેક્રેટરીને ચેતવણી આપવી જોઇએ અને ઑનરરી સેક્રેટરી

મંડળીના મેમ્બરોને જાણ કરશે અને જો મેમ્બરો તરફથી વધુમતે કબુલ કરવામાં આવશે તો તેને તે વાપરવાને હુકમ આપવામાં આવશે. પણ એક અથવા બે દીવસથી વધારે વખત વાપરવા દીધામાં આવશે નહીં.

મંડળીની મુદત.

૨૬. આ મંડળીનો વહીવટ શંવત્ ૧૯૪૧ ના આશો વદ'' સુધી ચલાવવામાં આવશે પણ કદાચ મંડળીના મેમ્બરો મજકુર મંડળીનો વહીવટ મુદત વધારી આગળ ચલાવવા માગતા હોય તો, ઉપર જણાવેલી મુદતની બે માસ અગાઉ ઑનરરી સેક્રેટરીને જણાવવું અને ઑનરરી સેક્રેટરી તે બાબતને સારૂ જનરલ સભા બોલાવશે અને તે મીટીંગમાં જો વધુ મતે આગળ ચલાવવાને ઠરાવ પાસ કરશે તો તે મુજબ દરેક મેમ્બરોએ ચાલવું જોઇએ અને કદાચ જે મેમ્બરો ઉપલી મુદત પુરી થવા બાદ નીકળી જવા માગતા હોય તો તેવા મેમ્બરોએ પોતાના સઘળા હકો મંડળીના ફાયદાને વાસ્તે આગળ ચલાવનારા મેમ્બરોને સોંપી દેવા જોઇએ અને તેથી તે ઉપર નીકળી જનાર મેમ્બરનો કાંઇ હક રહે નહીં, અને તેવા મેમ્બરોને નીકળી જવાની છૂટ છે. અને નીકળી જનાર મેમ્બરને જો પાછું દાખલ થવું હોય તો મજકુર મંડળીના નિયમો પ્રમાણે એન્ટ્રન્સ ફી વગેરે આપવી પડશે. અને તે નવા ઉમેદવાર તરીકે પાસ થવો જોઇએ.

મેંબરોની વર્તણુક.

૨૭. ઉપર લખેલી દરેક કલમો પ્રમાણે દરેક મેમ્બરો ચાલવાને બંધાએલા છે. પણ તેથી જો કોઇ મેમ્બર ઉલટો ચાલશે અથવા તો કોઇ પણ મેમ્બરની ચાલ ચલણથી મજકુર મંડળીના છ મેમ્બરોથી વધારે મેમ્બરો અસંતોષ થાય તો તેવા અસંતોષ થએલા મેમ્બરોએ તે બાબત વીશે ઑનરરી સેક્રેટરીને જાણ કરવી. અને ઑનરરી સેક્રેટરી એક અઠવાડીયામાં જનરલ મીટીંગ બોલાવીને તે બાબત મીટીંગમાં રજુ કરશે વધુ મેમ્બરો જો તેવા મેમ્બરને સારૂ પોતાની અસંતોષી જણાવશે. તો તેવા મેમ્બરને મજકુર મંડળીમાંથી બરતરફ તરતજ કરવામાં આવશે. અને તેવા મેમ્બરોનો મંડળી સાથે કાંઇબી રીતનો હક રહેશે નહીં.

ધારાની ખામી.

૨૮. ઉપર લખેલી દરેક કલમો જો આગળ ચાલતા મજકુર મંડળીના આઠથી વધારે મેમ્બરને ખામી ભરેલી લાગે તો તેવા મેમ્બરોએ ઑનરરી સેક્રેટરીને જાણ કરવું અને ઑનરરી સેક્રેટરી એક અઠવાડીઆમાં જનરલ મીટીંગ બોલાવીને તે બાબત સભામાં મૂકશે ને જે વધુ મતેથી ઠરાવ કરવામાં આવશે તે પ્રમાણે કલમોમાં વધ ઘટ અથવા સુધારો કરશે.